

Shree Swaminarayan Temple
Kundaldham | Karelibaug - Vadodara



# અન્નકૂટ આરોગો

દોહા

આજ અન્નકૂટ ઉત્સવ છે, ભક્ત આવ્યા અપાર;
શ્રીહરિને જમાડવાનો, સહુને અતિશય પ્યાર..૦૧

પ્રેમી સંતો–ભક્તોએ, વાનગી કરી અપાર;
અન્નકૂટ ભર્યો અતિ મોટો, જુગતે જમો કિરતાર..૦૨

અન્નકૂટ ધર્યો આપને, કરી શોભા બહુ પ્રકાર;
અન્નકૂટ થાળ રચીને, ગાવું કરી અતિ પ્યાર..૦૩

રચનામાં મેં વસ્તુક્રમ, ગોઠવ્યો મુજ રીત;
જમ્યાની રીતે જમજો, જેમ તમને થાય પ્રીત..૦૪

સહુ આઇટમ શુદ્ધપણે, કરી–કરાવી સાર;
ભક્તો લાવ્યા ભાવથી, આરોગો અમ પ્યાર..૦૫

ધર્મવિરુદ્ધ શુદ્ધિ હીણ, અખાદ્ય વસ્તુ અસાર;
બાજારું ખાણી પીણી, નથી લાવ્યા લગાર..૦૬

## મિષ્ટાન્ન

ધરી અગ્યારસો અગ્યાર, અન્નકૂટ આરોગો;
વાની અન્નકૂટમાં આ વાર, અન્નકૂટ આરોગો.

છે આ થાળ અમારો પ્યાર, અન્ન૦ ભાવે જમજો તમે ભરથાર, અન્ન૦૦૦૭

ચુરમાદિ[૧] વિધવિધ લાડુ, અન્ન૦ મારે હાથે તમને જમાડું, અન્ન૦
લાડુ પાકના[૨] લાખણસાઈ[3], અન્ન૦ લાડુ પનીરના[૪] સુખદાઈ, અન્ન૦૦૦૮

લાડુ પંચુરીના[૫] છે સારા, અન્ન૦ લાડુ પોંકના[૬] જમો પ્યારા, અન્ન૦

લાડુ મગસ[૭] લાડુ મોતૈયા[૮], અન્ન૦ લાડુ મોતીચુર[૯] સુખદૈયા, અન્ન૦૦૦૯

લાડુ ચોખાના[૧૦] રાગીના[૧૧], અન્ન૦ મોદક[૧૨] ને લાડુ બાજરીના[૧૩], અન્ન૦
લાડુ શીંગના[૧૪] ને દાળિયાના[૧૫], અન્ન૦ લાડુ સારા બન્યા મમરાના[૧૬], અન્ન૦૦૧૦

ચોકલેટબોલ[૧૭] લાડુ સાથવાના[૧૮] અન્ન૦ લાડુ મગદાળના[૧૯] ને રવાના[૨૦], અન્ન૦
જાદરિયું[૨૧] ટોપરાપાક[૨૨], અન્ન૦ પેંડા દાળિયાના[૨૩] ગુંદરપાક[૨૪], અન્ન૦૦૧૧

ગુલાબપાક[૨૫] મોહનથાળ[૨૬], અન્ન૦ બરફીચૂરમું[૨૭] છે રસાળ, અન્ન૦
મગદળ[૨૮] ને સાલમપાક[૨૯], અન્ન૦ જમો મેસૂબ[૩૦] મેથીપાક[૩૧], અન્ન૦૦૧૨

જમો સાકર કેરી સુખડી[૩૨], અન્ન૦ સાદી સુખડી[૩૩] સોનપાપડી[૩૪], અન્ન૦
આદુપાક[૩૫] ને અમૃતપાક[૩૬], અન્ન૦ એ આદિક જમજો પાક, અન્ન૦૦૧૩

હરીસો[૩૭] સેવઈ[૩૮] ને ઠોર[૩૯], અન્ન૦ પેઠા[૪૦] બિરંજ[૪૧] છે ચિત્તચોર, અન્ન૦
ઘેબર[૪૨] અડદિયો[૪૩] ને ઘારી[૪૪], અન્ન૦ જમો ઘસિયો[૪૫] કુલેર[૪૬] પ્યારી, અન્ન૦૦૧૪

ગગનગાંઠિયા[૪૭] ફાડાલાપસી[૪૮], અન્ન૦ પ્યારા છે ઘૂઘરા[૪૯] લાપસી[૫૦], અન્ન૦
સેવ બિરંજ[૫૧] બોમ્બે હલવો[૫૨], અન્ન૦ વળી બોમ્બે આઈસ હલવો[૫૩], અન્ન૦૦૧૫

ઘઉં[૫૪] તથા રવાના[૫૫] શીરા, અન્ન૦ વળી મગ[૫૬] આદિકના શીરા, અન્ન૦
સૂતરફેણી[૫૭] સાટા[૫૮] સારા, અન્ન૦ હલવાસન[૫૯] કંસાર[૬૦] પ્યારા, અન્ન૦૦૧૬

ખાજા[૬૧] બુંદી[૬૨] કાલાજામ[૬૩], અન્ન૦ જમો ગુલાબજાંબુ[૬૪] શ્યામ, અન્ન૦
દૂધપાક[૬૫] ને માલપૂડા[૬૬], અન્ન૦ જલેબી[૬૭] રસગુલ્લા[૬૮] રૂડા, અન્ન૦૦૧૭

ઇમરતી[૬૯] ને કમલભોગ[૭૦], અન્ન૦ ચોકલેટ પેંડા[૭૧] કરો ભોગ, અન્ન૦
બાલુશાહી[૭૨] ચોકો ફીરની[૭૩], અન્ન૦ જમો કેસર–પિસ્તા ફીરની[૭૪], અન્ન૦૦૧૮

દૂધપાક બુંદીનો[૭૫] જમો, અન્ન૦ દૂધપૌંઆ[૭૬] ને ખીર[૭૭] જમો, અન્ન૦
ચણાદાળની પૂરણપોળી[૭૮], અન્ન૦ ખજૂરની[૭૯] ઘીમાં ઝબોળી, અન્ન૦૦૧૯

તુવેરદાળની છે પોળી[૮૦], અન્ન૦ સંજોરી[૮૧] અંજીરાદિ[૮૨] પોળી, અન્ન૦
ચીકી દાળિયાની[૮૩] છે પ્યારી, અન્ન૦ બરફી ચોકલેટની[૮૪] છે ન્યારી, અન્ન૦૦૨૦

## ફરાળી વાનગી

જમો વાનગી આ ફરાળી, અન્ન૦ અખરોટ બરફી[૮૫] વનમાળી, અન્ન૦
જમો બરફી પાઈનેપલની[૮૬], અન્ન૦ બરફી કેસર–પિસ્તાદિકની[૮૭], અન્ન૦૦૨૧

ગુલાબ બરફી[૮૮] બરફી ત્રિરંગી[૮૯], અન્ન૦ બરફી મેંગો[૯૦] છે સુરંગી, અન્ન૦
ડ્રાયફ્રૂટની બરફી[૯૧] અચ્છી, અન્ન૦ ગુલકંદ બરફી[૯૨] પેંડા કચ્છી[૯૩], અન્ન૦૦૨૨

પેંડા મલાઈ[૯૪] પેંડા કેસરના[૯૫] અન્ન૦ મેંગો પેંડા[૯૬] પેંડા ખજૂરના[૯૭], અન્ન૦
મઠો પાઈનેપલનો[૯૮] સારો, અન્ન૦ મઠો ડ્રાયફ્રૂટનો[૯૯] છે ન્યારો, અન્ન૦૨૩

મઠો કેરીનો[૧૦૦] શૈડકી[૧૦૧] શ્યામ, અન્ન૦ મઠો અમેરિકન[૧૦૨] સુખધામ, અન્ન૦
સાદો શિખંડ[૧૦૩] ફ્રૂટ શિખંડ[૧૦૪], અન્ન૦ છે રાજભોગનો શિખંડ[૧૦૫], અન્ન૦૨૪

બટરસ્કોચનો આ શિખંડ[૧૦૬], અન્ન૦ ડ્રાયફ્રૂટનો ઠંડો શિખંડ[૧૦૭], અન્ન૦
જમો અમેરિકન શિખંડ[૧૦૮], અન્ન૦ પ્યારો ઈલાયચી શિખંડ[૧૦૯], અન્ન૦૨૫

કેસર શિખંડ[૧૧૦] છે આ પ્યારો, અન્ન૦ દૂધપાક દૂધીનો[૧૧૧] ન્યારો, અન્ન૦
છે શક્કરિયાની બાસુંદી[૧૧૨], અન્ન૦ વળી અંજીરની બાસુંદી[૧૧૩], અન્ન૦૨૬

સાદી બાસુંદી છે[૧૧૪] સારી, અન્ન૦ અંગૂરની બાસુંદી[૧૧૫] ન્યારી, અન્ન૦
બાસુંદી પાઈનેપલની[૧૧૬], અન્ન૦ ઠંડી બાસુંદી ખજૂરની[૧૧૭], અન્ન૦૨૭

ફ્રૂટસલાડ[૧૧૮] લચ્છા રબડી[૧૧૯], અન્ન૦ જમો બહુ સીતાફળ રબડી[૧૨૦], અન્ન૦
છે રબડી આ ગાજરની[૧૨૧], અન્ન૦ સારી રબડી છે અંગૂરની[૧૨૨], અન્ન૦૨૮

રબડી પાઈનેપલની[૧૨૩] સારી, અન્ન૦ કેરીની રબડી[૧૨૪] ન્યારી, અન્ન૦
અંજીરબહાર[૧૨૫] રસમલાઈ[૧૨૬], અન્ન૦ જમો સંદેશ[૧૨૭] હે હરિરાય, અન્ન૦૨૯

જમો થાબડી[૧૨૮] બની છે સારી, અન્ન૦ પાઈનાફ્રૂઝ[૧૨૯] ચમચમ[૧૩૦] ન્યારી, અન્ન૦
જમો કેરીરસ[૧૩૧] મુજ ધામ, અન્ન૦ કરો રાજી સહુને શ્યામ, અન્ન૦૩૦

કાજુરોલ[૧૩૨] પિસ્તારોલ[૧૩૩], અન્ન૦ કાજુ–અંજીરના છે રોલ[૧૩૪], અન્ન૦
કાજુપાન[૧૩૫] કાજુકતરી[૧૩૬], અન્ન૦ જમો બદામકતરી[૧૩૭] હરિ, અન્ન૦૩૧

મેસૂબ કાજુનો[૧૩૮] છે સારો, અન્ન૦ છે બદામનો[૧૩૯] પણ પ્યારો, અન્ન૦
જમો શીંગનો મેસૂબ[૧૪૦] શ્યામ, અન્ન૦ એ આદિ મેસૂબ તમામ, અન્ન૦૩૨

સુખડી રાજગરાની[૧૪૧] સારી, અન્ન૦ તમે ભાવે જમો અવતારી, અન્ન૦
અખરોટપ્લાઝા[૧૪૨] શીંગપાક[૧૪૩], અન્ન૦ ખજૂરપાક[૧૪૪] અંજીરપાક[૧૪૫], અન્ન૦૩૩

દૂધીનો હલવો[૧૪૬] સારો, અન્ન૦ ગાજરનો હલવો[૧૪૭] પ્યારો, અન્ન૦
ચીકુનો હલવો[૧૪૮] ન્યારો, અન્ન૦ છે બીટનો હલવો[૧૪૯] સારો, અન્ન૦૩૪

લીલા નાળિયેરનો હલવો[૧૫૦], અન્ન૦ એપલ હલવો[૧૫૧] અખરોટ હલવો[૧૫૨], અન્ન૦
જમો કચરિયું[૧૫૩] આ સારું, અન્ન૦ દિલે જમતી મૂર્તિ ધારું, અન્ન૦૩૫

સાબુદાણાની ખીર[૧૫૪] પ્યારી, અન્ન૦ ખીર મૌરૈયાની[૧૫૫] સારી, અન્ન૦
ખીરું[૧૫૬] ખીરાના પેંડા[૧૫૭] બળી[૧૫૮], અન્ન૦ જમો મોગોના લાડુ[૧૫૯] વળી, અન્ન૦૩૬

જમો કાજુ-બદામના લાડુ[૧૬૦], અન્ન૦ જમો મૌરૈયાના લાડુ[૧૬૧], અન્ન૦
રાજગરા ધાણીના લાડુ[૧૬૨], અન્ન૦ બીટ લાડુ[૧૬૩] ડ્રાયફ્રૂટ લાડુ[૧૬૪], અન્ન૦૦૩૭

તલલાડુ[૧૬૫] ટોપરાલાડુ[૧૬૬], અન્ન૦ શીરો મૌરૈયાનો[૧૬૭] જમાડું, અન્ન૦
શિંગોડાનો[૧૬૮] રાજગરાનો[૧૬૯] , અન્ન૦ શીરો રતાળુનો[૧૭૦] બટેકાનો[૧૭૧], અન્ન૦૦૩૮

શીરો શક્કરિયાનો[૧૭૨] જમાડું, અન્ન૦ વાલા તમને આનંદ પમાડું, અન્ન૦
મૌરૈયાના રોટલા[૧૭૩] પ્યારા, અન્ન૦ મૌરૈયાના ખમણ[૧૭૪] સારા, અન્ન૦૦૩૯

નાનખટાઈ મૌરૈયાની[૧૭૫], અન્ન૦ જમો ખીચડી મૌરૈયાની [૧૭૬], અન્ન૦
મૌરૈયા-રાજગરાના બિસ્કીટ[૧૭૭], અન્ન૦ સાબુદાણાની ખીચડી[૧૭૮] ઈષ્ટ, અન્ન૦૦૪૦

તલપાક[૧૭૯] ને દૂધની તર[૧૮૦], અન્ન૦ કોટન કેન્ડી[૧૮૧] પંજરી[૧૮૨] વર, અન્ન૦
ઢોંસા ફરાળી[૧૮૩] ફરાળી સાંભાર[૧૮૪], અન્ન૦ સાબુદાણાનાં વડાં[૧૮૫] સાર, અન્ન૦૦૪૧

જમો ફરાળી ભેળ[૧૮૬] હે હરિ, અન્ન૦ જમો વહાલા માખણ મિસરી[૧૮૭], અન્ન૦
ઘી ગોળ[૧૮૮] ને છે ઘી કેળાં[૧૮૯], અન્ન૦ અતિ ભાવે કર્યા છે ભેળાં, અન્ન૦૦૪૨

રાજગરાની[૧૯૦] કાજુની ચીકી[૧૯૧], અન્ન૦ ટોપરાચીકી[૧૯૨] બદામની ચીકી[૧૯૩], અન્ન૦
ચીકી તલની[૧૯૪] ને પિસ્તાની[૧૯૫], અન્ન૦ શીંગચીકી[૧૯૬] ચીકી માવાની[૧૯૭], અન્ન૦૪૩

વ્હાલા વિવિધ ડ્રાયફ્રૂટ કેરી[૧૯૮], અન્ન૦ ચીકી જમજો પ્રેમે ઘણેરી, અન્ન૦

## ભીનું ફરસાણ

જમો નાથ ખસતા કચોરી[૧૯૯], અન્ન૦ છે સ્પાઈસી મસાલા કચોરી[૨૦૦], અન્ન૦૦૪૪

પનીરની[૨૦૧] ને વટાણાની[૨૦૨], અન્ન૦ વળી કચોરી છે લીલવાની[૨૦૩], અન્ન૦
જમો વાલા રાજકચોરી[૨૦૪], અન્ન૦ જમો જીવન આલુ કચોરી[૨૦૫], અન્ન૦૦૪૫

જમો કટલેસ[૨૦૬] ને સમોસા[૨૦૭], અન્ન૦ વળી પંજાબી સમોસા[૨૦૮], અન્ન૦
પાંઉ સમોસા[૨૦૯] પટ્ટી સમોસા[૨૧૦], અન્ન૦ ચાઈનીઝ[૨૧૧] ને પોટલી સમોસા[૨૧૨], અન્ન૦૦૪૬

ઢેબરાં કોથમીર[૨૧૩] ને મેથીનાં[૨૧૪], અન્ન૦ જમો બાજરી[૨૧૫] ને દૂધીનાં[૨૧૬], અન્ન૦
બીટ ઢેબરાં[૨૧૭] પાલખ ઢેબરાં[૨૧૮], અન્ન૦ જમો વાલમ હે સુખકરા, અન્ન૦૦૪૭

જમો મકાઈનાં ઢોકળાં[૨૧૯], અન્ન૦ વળી છે ત્રિરંગી ઢોકળાં[૨૨૦], અન્ન૦
છે ખાટિયાં ઢોકળાં[૨૨૧] પ્યારાં, અન્ન૦ મગદાળનાં[૨૨૨] રવાનાં[૨૨૩] ન્યારાં, અન્ન૦૦૪૮

મૂઠિયાં પાલખનાં[૨૨૪] દૂધીનાં[૨૨૫], અન્ન૦ જમો મૂઠિયાં આ મેથીનાં[૨૨૬], અન્ન૦
ઈદડાં[૨૨૭] ખાંડવી[૨૨૮] ને ખમણ[૨૨૯], અન્ન૦ વાટીદાળના છે ખમણ[૨૩૦], અન્ન૦૦૪૯

પાતરા[૨૩૧] પેટીસ[૨૩૨] દાળઢોકળી[૨૩૩], અન્ન૦ અપ્પમ[૨૩૪] ને ખીચડો[૨૩૫] વળી, અન્ન૦

દાલવડાં[૨૩૬] બટેકાવડાં[૨૩૭], અન્ન૦ રતાળુ[૨૩૮] ને દેસાઈવડાં[૨૩૯], અન્ન૦૦૫૦

કાજુવડાં[૨૪૦] ડાકોરનાં ગોટાં[૨૪૧], અન્ન૦ આખા મરચાંનાં ભજિયાં[૨૪૨] મોટાં, અન્ન૦
વેજિટેબલનાં છે ભજિયાં[૨૪૩], અન્ન૦ મેથીનાં[૨૪૪] તથા કુંભણિયાં[૨૪૫], અન્ન૦૦૫૧

કેળાં ભજિયાં[૨૪૬] માખણ ભજિયાં[૨૪૭], અન્ન૦ જમો આખા ટમેટાનાં ભજિયાં[૨૪૮], અન્ન૦
બ્રેડ ભજિયાં[૨૪૯] પાલખ ભજિયાં[૨૫૦], અન્ન૦ ગલકાં[૨૫૧] ને મકાઈ ભજિયાં[૨૫૨], અન્ન૦૦૫૨

જમો ભજિયાં આ અજમાનાં[૨૫૩], અન્ન૦ વળી ભજિયાં છે રીંગણાનાં[૨૫૪], અન્ન૦
પોઈપાનનાં છે ભજિયાં[૨૫૫], અન્ન૦ પટ્ટીભજિયાં[૨૫૬] અળવીનાં ભજિયાં[૨૫૭], અન્ન૦૦૫૩

મારવાડી મરચાં[૨૫૮] સારાં, અન્ન૦ જમો બટેકાપૂરી[૨૫૯] પ્યારા, અન્ન૦
જમો હાંડવો[૨૬૦] વેજિટેબલ, અન્ન૦ વળી ડંગેલા[૨૬૧] ઘૂઘરા[૨૬૨] અવલ, અન્ન૦૦૫૪

પાંઉ ગાંઠિયા[૨૬૩] ભાજીકોન[૨૬૪], અન્ન૦ મકાઈ ભેળ[૨૬૫] ચટપટા કોન[૨૬૬], અન્ન૦
પાપડરોલ[૨૬૭] પુના મિસળ[૨૬૮], અન્ન૦ પનિયારમ[૨૬૯] છે નિરમળ, અન્ન૦૦૫૫

ગળવાણું[૨૭૦] ને દિલખુશ[૨૭૧], અન્ન૦ જમો દિલ થઈ જાશે ખુશ, અન્ન૦
સેવખમણી[૨૭૨] બટેકાપૌંઆ[૨૭૩], અન્ન૦ આવ્યાં નરનારી સૌ જોવાં, અન્ન૦૦૫૬

## સૂકું ફરસાણ

ચેવડો શીંગ અને પૌંઆનો[૨૭૪], અન્ન૦ ચેવડો પૌંઆ ને મમરાનો[૨૭૫], અન્ન૦
વળી ચેવડો વટાણાનો[૨૭૬], અન્ન૦ જમો ચેવડો બટેકાનો[૨૭૭], અન્ન૦૦૫૭

ચેવડો મકાઈનો સારો[૨૭૮], અન્ન૦ ઘઉં પૌંઆનો[૨૭૯] છે ન્યારો, અન્ન૦
વાલા જમજો લીલો ચેવડો[૨૮૦], અન્ન૦ પાપડ–પૌંઆનો ચેવડો[૨૮૧], અન્ન૦૦૫૮

આખા ઘઉંનો છે ચેવડો[૨૮૨], અન્ન૦ વહાલા જમો નાયલોન ચેવડો[૨૮૩], અન્ન૦
જમો વિધવિધ આ ચવાણાં, અન્ન૦ અમે ગાઈએ તમારાં ગાણાં, અન્ન૦૦૫૯

પ્યારું નડિયાદી ચવાણું[૨૮૪], અન્ન૦ સુરતી ભૂસું[૨૮૫] ને ચવાણું[૨૮૬], અન્ન૦
મકાઈના પૌંઆ[૨૮૭] સારા, અન્ન૦ મોળા ગાંઠિયા[૨૮૮] જમો પ્યારા, અન્ન૦૦૬૦

જમો ભાવનગરી આ ગાંઠિયા[૨૮૯], અન્ન૦ વળી જમજો તીખા ગાંઠિયા[૨૯૦], અન્ન૦
વાલા જમો વણેલા ગાંઠિયા[૨૯૧], અન્ન૦ વળી છે ચંપાકલી ગાંઠિયા[૨૯૨], અન્ન૦૦૬૧

ચંદનકચોરી[૨૯૩] ચીઝ ખાખરા[૨૯૪], અન્ન૦ વળી છે તળેલા ખાખરા[૨૯૫], અન્ન૦
છે આ સાદા ખાખરા સારા[૨૯૬], અન્ન૦ છે મેથીના[૨૯૭] પણ ન્યારા, અન્ન૦૦૬૨

છે મસાલા ખાખરા[૨૯૮] પ્યારા, અન્ન૦ તમે જમો ને ભક્તિદુલારા, અન્ન૦
જમો પ્યારી ટોમેટો વેફર[૨૯૯], અન્ન૦ સૂરણની[૩૦૦] બટેકાની વેફર[૩૦૧], અન્ન૦૦૬૩

કેળાની છે ક્રિસ્પી વેફર[૩૦૨], અન્ન૦ તમે જમોને રતાળુ વેફર[૩૦૩], અન્ન૦
સેવ આલુ[૩૦૪] ને બિકાનેરી[૩૦૫], અન્ન૦ સેવ ટોમેટો[૩૦૬] અનેરી, અન્ન૦૬૪

સેવ સાદી[૩૦૭] સેવ રતલામી[૩૦૮], અન્ન૦ સેવ પાલખની[૩૦૯] જમો સ્વામી, અન્ન૦
મગદાળ[૩૧૦] ચણાદાળ[૩૧૧], અન્ન૦ જમો વટાણા[૩૧૨] છે દયાળ, અન્ન૦૬૫

દાલમૂઠ[૩૧૩] ચોળાફળી[૩૧૪], અન્ન૦ દહીંથરા[૩૧૫] સુંવાળી[૩૧૬] વળી, અન્ન૦
ચકરી[૩૧૭] ટમટમ[૩૧૮] ભાખરવડી[૩૧૯], અન્ન૦ ફાફડા[૩૨૦] ફાફડી[૩૨૧] ફૂલવડી[૩૨૨], અન્ન૦૬૬

અડદ મઠનાં[૩૨૩] છે મઠિયાં, અન્ન૦ ફરસીપૂરી[૩૨૪] ને શીંગભજિયાં[૩૨૫], અન્ન૦
તીખા[૩૨૬] ગળ્યા[૩૨૭] સક્કરપારા, અન્ન૦ તીખી બુંદી[૩૨૮] ખાજલી[૩૨૯] પ્યારા, અન્ન૦૬૭

ચનાજોરગરમ[૩૩૦] હરિવરા, અન્ન૦ જમો સોયાસ્ટિક[૩૩૧] સેવમમરા[૩૩૨], અન્ન૦
જમો પ્રેટ્ઝેલ બાઇટ્સ[૩૩૩] ન્યારા, અન્ન૦ ખૂબ જમજો મારા પ્યારા, અન્ન૦૬૮

રાજગરા[૩૩૪] મકાઈની[૩૩૫] ધાણી, અન્ન૦ વળી જમો જુવારની ધાણી[૩૩૬], અન્ન૦

## રોટલી–રોટલા

જમો રોટલીઓ સુખકારી, અન્ન૦ વિધવિધ બનાવી છે સારી, અન્ન૦૬૯

સાદી રોટલી[૩૩૭] ફૂલકા[૩૩૮] સારા, અન્ન૦ જમો બે પડવાળી[૩૩૯] પ્યારા, અન્ન૦
સાતપડી રોટલી[૩૪૦] મસાલા[૩૪૧], અન્ન૦ જમો બાજરાની[૩૪૨] પણ વ્હાલા, અન્ન૦૭૦

રોટલી રૂમાલી[૩૪૩] જુવારની[૩૪૪], અન્ન૦ રોટલી કુલચા[૩૪૫] તંદુરની[૩૪૬], અન્ન૦
મીસી રોટલી[૩૪૭] ખુરમો[૩૪૮] નાથ, અન્ન૦ કરી જવની[૩૪૯] રોટલી મેં હાથ, અન્ન૦૭૧

જમો રોટલીનાં પપૂડાં[૩૫૦], અન્ન૦ ઘી સાકર નાખેલાં રૂડાં, અન્ન૦
મેથી[૩૫૧] બંટી[૩૫૨] બાજરા[૩૫૩] રોટલા, અન્ન૦ જુવારના[૩૫૪] મકાઈના[૩૫૫] રોટલા, અન્ન૦૭૨

સાદી ભાખરી[૩૫૬] ભાખરી મસાલા[૩૫૭], અન્ન૦ બહુ ઘી મોણવાળી વાલા, અન્ન૦
મેથી ભાખરી[૩૫૮] બદામ ભાખરી[૩૫૯], અન્ન૦ ખાંતે જમજો મારા હરિ, અન્ન૦૭૩

સાદી પૂરી[૩૬૦] ગળી પૂરી[૩૬૧], અન્ન૦ વળી ભટુરા[૩૬૨] આલુ પૂરી[૩૬૩], અન્ન૦
પૂરી પાલખની[૩૬૪] ને રવાની[૩૬૫], અન્ન૦ પૂરી મસાલાવાળી[૩૬૬] નાની, અન્ન૦૭૪

રાજગરા–મોરૈયાની પૂરી[૩૬૭], અન્ન૦ જમો મકાઈ પૂડલાં[૩૬૮] મુરારી, અન્ન૦
ગળ્યાં પૂડલાં[૩૬૯] તીખાં પૂડલાં[૩૭૦], અન્ન૦ મગ પૂડલાં[૩૭૧] ટોમેટો પૂડલાં[૩૭૨], અન્ન૦૭૫

થેપલાં દૂધીનાં[૩૭૩] મેથીનાં[૩૭૪], અન્ન૦ સાદાં થેપલાં[૩૭૫] ઘીથી ભીનાં, અન્ન૦
પ્યારા લાવી ગરમ પરોઠાં, અન્ન૦ મિક્સ વેજિટેબલ પરોઠાં[૩૭૬], અન્ન૦૭૬

સાદાં પરોઠાં[૩૭૭] ચીઝ પરોઠાં[૩૭૮], અન્ન૦ કોબી પરોઠાં[૩૭૯] આલુ પરોઠાં[૩૮૦], અન્ન૦

બટર પરોઠાં[૩૮૧] મટર પરોઠાં[૩૮૨], અન્નં૦ મેથી પરોઠાં[૩૮૩] પનીર પરોઠાં[૩૮૪], અન્નં૦૦૭૭

મૂળા[૩૮૫] ને ટોમેટો પરોઠાં[૩૮૬], અન્નં૦ લચ્છા પરોઠાં[૩૮૭] પાલખ પરોઠાં[૩૮૮], અન્નં૦
ચીઝ નાન[૩૮૯] ને બટર નાન[૩૯૦], અન્નં૦ લચ્છા નાન[૩૯૧] ને સાદી નાન[૩૯૨], અન્નં૦૦૭૮

## વિવિધ શાક

જમો ગુજરાતી શાક વ્હાલા, અન્નં૦ એમાં નાખ્યા બહુ મસાલા, અન્નં૦
એવાં શાક ગણાવું વાલા, અન્નં૦ તમે જમો ને ભક્તિના લાલા, અન્નં૦૦૭૯

શાક ભરેલાં રીંગણાંનું[૩૯૩], અન્નં૦ વળી રીંગણાં–વટાણાનું[૩૯૪], અન્નં૦
શાક રીંગણાં–બટેકાંનું[૩૯૫], અન્નં૦ શાક કેવળ બટેકાનું[૩૯૬], અન્નં૦૦૮૦

બટેકાની સૂકીભાજી[૩૯૭], અન્નં૦ તમે જમજો થઈને રાજી, અન્નં૦
શાક બટેકા–વટાણાનું[૩૯૮], અન્નં૦ વળી તુવેર ને રીંગણાંનું[૩૯૯], અન્નં૦૦૮૧

કોબી–વટાણા[૪૦૦] ને ફુલેવર[૪૦૧], અન્નં૦ ગુવાર[૪૦૨] ગલકાં[૪૦૩] ને ગાજર[૪૦૪], અન્નં૦
ઊંબાડિયું[૪૦૫] ને ગૂંદાં ભરેલાં[૪૦૬], અન્નં૦ મરિયા[૪૦૭] જમો ને રંગના રેલા, અન્નં૦૦૮૨

પરવળ[૪૦૮] વટાણા–ગાજર[૪૦૯], અન્નં૦ દૂધી[૪૧૦] વટાણા–ફુલેવર[૪૧૧], અન્નં૦
કાચી કેરીનું[૪૧૨] શુભ શાક, અન્નં૦ કાજુ–ગાંઠિયાનું[૪૧૩] પણ શાક, અન્નં૦૦૮૩

જમો બ્રોકોલીનું[૪૧૪] આ શાક, અન્નં૦ ગુવાર–ઢોકળીનું[૪૧૫] શાક, અન્નં૦
વળી દૂધી–ચણાની દાળ[૪૧૬], અન્નં૦ શાક તૂરિયાંનું[૪૧૭] રસાળ, અન્નં૦૦૮૪

શાક તળેલું ભીંડાનું[૪૧૮], અન્નં૦ વળી ભરેલા ભીંડાનું[૪૧૯], અન્નં૦
શાક છે તૂરિયાં–પાતરાનું[૪૨૦], અન્નં૦ મૂળાનું[૪૨૧] મગ–તૂરિયાંનું[૪૨૨], અન્નં૦૦૮૫

જમો ભીંડાના સંભારિયા[૪૨૩], અન્નં૦ જમો સૂરણનું[૪૨૪] સુખદૈયા, અન્નં૦
શાક કાજુ–કારેલાંનું[૪૨૫], અન્નં૦ કંકોડાંનું[૪૨૬] કારેલાંનું[૪૨૭], અન્નં૦૦૮૬

શાક છે સેવ–ટમેટાંનું[૪૨૮], અન્નં૦ રતાળુનું[૪૨૯] ટીંડોરાંનું[૪૩૦], અન્નં૦
શાક સારું સરગવાનું[૪૩૧], અન્નં૦ પાકાં ચીભડાંનું[૪૩૨] ગાંઠિયાનું[૪૩૩], અન્નં૦૦૮૭

શાક વાલોળનું[૪૩૪] પાપડીનું[૪૩૫], અન્નં૦ શાક ગાજર ને ફણસીનું[૪૩૬], અન્નં૦
શાક ફણસ[૪૩૭] ને પંચકુટિયું[૪૩૮], અન્નં૦ શક્કરિયાનું[૪૩૯] ને ઊંધિયું[૪૪૦], અન્નં૦૦૮૮

શાક ઢોકળી[૪૪૧] મકાઈનો દાણો[૪૪૨], અન્નં૦ રીંગણાંનું ભડથું[૪૪૩] માણો, અન્નં૦
ઓળો દૂધીનો[૪૪૪] સુખધામ, અન્નં૦ અતિ ભાવે જમો ઘનશ્યામ, અન્નં૦૦૮૯

શાક વડીનું[૪૪૫] સ્વાદિષ્ટ, અન્નં૦ જમો કોળાંનું[૪૪૬] મારા ઈષ્ટ, અન્નં૦
શાક ટીનસાંનું[૪૪૭] છે સારું, અન્નં૦ જમો લાગશે તમને પ્યારું, અન્નં૦૦૯૦

રૂડું ઝુમખડીનું શાક[૪૪૮], અન્ન૦ જન જમે તજીને પાક, અન્ન૦
કાચાં[૪૪૯] પાકાં[૪૫૦] કેળાંનું શાક, અન્ન૦ ઝૂકીનીનું[૪૫૧] અદ્‌ભુત શાક, અન્ન૦૦૯૧

રૂડી ભાજી છે મેથીની[૪૫૨], અન્ન૦ ભાજી પાલખની[૪૫૩] લૂણીની[૪૫૪], અન્ન૦
મીઠી અજમાની[૪૫૫] છે ભાજી, અન્ન૦ જમો સુવાની[૪૫૬] થઈ રાજી, અન્ન૦૦૯૨

રૂડી ભાજી તાંદળજાની[૪૫૭], અન્ન૦ એવી ભાજી મૂળા[૪૫૮] આદિની, અન્ન૦
જમો શાક પંજાબી દયાળુ, અન્ન૦ મલાઈ કોફતા[૪૫૯] ને દમઆલુ[૪૬૦], અન્ન૦૦૯૩

કોબી કોફતા[૪૬૧] સૂરણ કોફતા[૪૬૨], અન્ન૦ શાહી પનીર[૪૬૩] દૂધી કોફતા[૪૬૪], અન્ન૦
છે કાજુ–બટર મસાલા[૪૬૫], અન્ન૦ જમો પાલખ પનીર[૪૬૬] વ્હાલા, અન્ન૦૦૯૪

વેજિટેબલ મખ્ખનવાલા[૪૬૭], અન્ન૦ છે પનીર બટર મસાલા[૪૬૮], અન્ન૦
વેજિટેબલ છે જયપૂરી[૪૬૯], અન્ન૦ વેજિટેબલ કોલાપૂરી[૪૭૦], અન્ન૦૦૯૫

કાજુ કરી[૪૭૧] તવાસબ્જી[૪૭૨], અન્ન૦ જમો વેજિટેબલ ક્રિસ્પી[૪૭૩], અન્ન૦
મિક્સ વેજિટેબલ ફ્રાય[૪૭૪], અન્ન૦ જમો જમો ને મારા રાય, અન્ન૦૦૯૬

જમો વેજિટેબલ કોરમા[૪૭૫], અન્ન૦ વળી છે નવરત્ન કોરમા[૪૭૬], અન્ન૦
પનીરટીકા[૪૭૭] પનીરપસંદા[૪૭૮], અન્ન૦ કાજુ ખોયા[૪૭૯] છે જગવંદા, અન્ન૦૦૯૭

સ્ટફ્ડ કેપ્સીકમ[૪૮૦] છે પ્યારા, અન્ન૦ જમો સ્ટફ્ડ ટોમેટો[૪૮૧] ન્યારા, અન્ન૦
દાલ મખની[૪૮૨] પનીર ભૂરજી[૪૮૩], અન્ન૦ મેથી બટર મસાલા[૪૮૪] હરજી, અન્ન૦૦૯૮

પનીર હાંડી[૪૮૫] ખોયા મખ્ખન[૪૮૬], અન્ન૦ થાઈકરી[૪૮૭] જમો ને જીવન, અન્ન૦
જમો વિવિધ કઠોળ શ્યામ, અન્ન૦ લીલા વટાણા[૪૮૮] સુખધામ, અન્ન૦૦૯૯

મગ[૪૮૯] મઠ[૪૯૦] ને છોલે ચણા[૪૯૧], અન્ન૦ ચોળી[૪૯૨] ચોળા[૪૯૩] દેશી ચણા[૪૯૪], અન્ન૦
વાલ[૪૯૫] અડદ[૪૯૬] ને રાજમા[૪૯૭], અન્ન૦ મેથી[૪૯૮] સોયાબીન[૪૯૯] વાલમા, અન્ન૦૧૦૦

જમો લીલી તુવેર[૫૦૦] પ્યારી, અન્ન૦ મેથી[૫૦૧] ફણગાવેલી સારી, અન્ન૦
મગ[૫૦૨] મઠ[૫૦૩] છે ફણગાવેલા, અન્ન૦ લચકો દાળ[૫૦૪] જમો ને છેલા, અન્ન૦૧૦૧

જમો કળથી[૫૦૫] લીલા ચણા[૫૦૬], અન્ન૦ જરી રાખશો નહિ મણા, અન્ન૦

## ફાસ્ટ ફૂડ

જમો ફાસ્ટ ફૂડ અલબેલા, અન્ન૦ લાવ્યા ભક્તો પ્રેમઘેલા, અન્ન૦૧૦૨

સાદા ઢોસા[૫૦૭] ઢોસા મસાલા[૫૦૮], અન્ન૦ જમો મૈસુરી ઢોસા[૫૦૯] વાલા, અન્ન૦
જમો સ્વીટકોર્નના આ ઢોસા[૫૧૦], અન્ન૦ ચીઝ ઢોસા[૫૧૧] સ્પ્રિંગ ઢોસા[૫૧૨], અન્ન૦૧૦૩

મેંદુવડાં[૫૧૩] ને સ્ટફ ઇડલી[૫૧૪], અન્ન૦ ઇડલી સાંભાર[૫૧૫] રવા ઇડલી[૫૧૬], અન્ન૦

છે સારા ટોમેટો ઉત્તપા[૫૧૭], અન્ન૦ વળી વેજિટેબલ ઉત્તપા[૫૧૮], અન્ન૦૧૦૪

પાંઉભાજી[૫૧૯] ને બફવડાં[૫૨૦], અન્ન૦ ભેળપૂરી[૫૨૧] ને દહીંવડાં[૫૨૨], અન્ન૦
ગોલગપ્પા જે પાણીપૂરી[૫૨૩], અન્ન૦ રગડાપેટીસ[૫૨૪] દહીંપૂરી[૫૨૫], અન્ન૦૧૦૫

મેક્સિકન ભેળ[૫૨૬] સેવપૂરી[૫૨૭], અન્ન૦ ચાઈનીઝ ભેળ[૫૨૮] રગડાપૂરી[૫૨૯], અન્ન૦
વાલા જમો કોલેજિયન ભેળ[૫૩૦], અન્ન૦ સુરતી લોચો[૫૩૧] સાદી ભેળ[૫૩૨], અન્ન૦૧૦૬

સેવઉસળ[૫૩૩] દિલ્લીચાટ[૫૩૪], અન્ન૦ આલુચાટ[૫૩૫] કટોરીચાટ[૫૩૬], અન્ન૦
વડાપાંઉ[૫૩૭] ને દાબેલી[૫૩૮], અન્ન૦ તીખી બટેકી[૫૩૯] અલબેલી, અન્ન૦૧૦૭

બહુ ભાવશે બટર દાબેલી[૫૪૦], અન્ન૦ ચટપટી ચીઝ દાબેલી[૫૪૧], અન્ન૦
બટેકાભૂંગળાં[૫૪૨] સારા, અન્ન૦ છોલે ભટુરા[૫૪૩] પણ પ્યારા, અન્ન૦૧૦૮

ખાટો લોટ[૫૪૪] દાલપકવાન[૫૪૫], અન્ન૦ તમે ભાવે જમો ભગવાન, અન્ન૦
જમો પાપડીનો લોટ[૫૪૬] શ્યામ, અન્ન૦ દાલબાટી[૫૪૭] જમો ઘનશ્યામ, અન્ન૦૧૦૯

જમો પાઈનેપલ સેન્ડવીચ[૫૪૮], અન્ન૦ વળી જમો ચીઝ સેન્ડવીચ[૫૪૯], અન્ન૦
ગ્રીલ સેન્ડવીચ[૫૫૦] ટોસ્ટ સેન્ડવીચ[૫૫૧], અન્ન૦ જમો આ ગ્રીલ્ડ ચીઝ સેન્ડવીચ[૫૫૨], અન્ન૦૧૧૦

જમો પ્યારી કલબ સેન્ડવીચ[૫૫૩], અન્ન૦ જમો વેજિટેબલ સેન્ડવીચ[૫૫૪], અન્ન૦
આ પનીની સેન્ડવીચ[૫૫૫] પ્યારી, અન્ન૦ જમો સબવે સેન્ડવીચ[૫૫૬] સારી, અન્ન૦૧૧૧

બ્રેડ પકોડા[૫૫૭] ઝીની રોલ[૫૫૮], અન્ન૦ પીઝા[૫૫૯] બર્ગર[૫૬૦] છે સ્પ્રિંગ રોલ[૫૬૧], અન્ન૦
ચીઝ પકોડા[૫૬૨] ચીઝ પીઝા[૫૬૩], અન્ન૦ બ્રેડ પીઝા[૫૬૪] ખાખરા પીઝા[૫૬૫], અન્ન૦૧૧૨

જમો માર્ગારીટા પીઝા[૫૬૬], અન્ન૦ સારા ચીઝી ચીઝબ્રસ્ટ પીઝા[૫૬૭], અન્ન૦
મીઠા પીઝા મેક્સિકન[૫૬૮], અન્ન૦ ચીઝબોલ[૫૬૯] કેલઝોન[૫૭૦] જીવન, અન્ન૦૧૧૩

મોઝરેલા સ્ટીક[૫૭૧] ચીઝ પોપર[૫૭૨], અન્ન૦ જમો જેકેટ પોટેટો[૫૭૩] હરિવર, અન્ન૦
મેથી પફ[૫૭૪] ચાઈનીઝ પફ[૫૭૫], અન્ન૦ પનીર પફ[૫૭૬] પંજાબી પફ[૫૭૭], અન્ન૦૧૧૪

વેજિટેબલ પફ[૫૭૮] મોમોઝ[૫૭૯], અન્ન૦ ફ્રેંચ ફ્રાય[૫૮૦] અને ટાકોઝ[૫૮૧], અન્ન૦
ટોસ્ટાડા[૫૮૨] કેસેડીઆ[૫૮૩], અન્ન૦ ચીમીચાન્ગા[૫૮૪] ને ચલુપા[૫૮૫], અન્ન૦૧૧૫

કાઠીરોલ[૫૮૬] ને ફલાફલ[૫૮૭], અન્ન૦ એન્ચીલાડા[૫૮૮] ફહીતા[૫૮૯] નવલ, અન્ન૦
બીન બરીતો[૫૯૦] ને ચીઝ ક્રેપ[૫૯૧], અન્ન૦ વાલા જમો ટોર્ટીલા ક્રેપ[૫૯૨], અન્ન૦૧૧૬

વેજફ્રાય[૫૯૩] મન્ચુરિયન[૫૯૪], અન્ન૦ જમો નાચોઝ[૫૯૫] હે જીવન, અન્ન૦
સાલ્સા ચીપ્સ[૫૯૬] બેક્ડ પોટેટો[૫૯૭], અન્ન૦ ટોકુ બાઉલ[૫૯૮] બનાવ્યા મેં તો, અન્ન૦૧૧૭

સાદા પાસ્તા[૫૯૯] મસાલા પાસ્તા[૬૦૦], અન્ન૦ પ્યારા વેજિટેબલ પાસ્તા[૬૦૧], અન્ન૦

જમો અલ્ફ્રેડો પાસ્તા[૬૦૨] ભાવે, અન્ન૦ વસ્તુ ઇટાલિયન એ કા’વે, અન્ન૦૧૧૮

છે મેક એન્ડ ચીઝ[૬૦૩] સારી, અન્ન૦ રેવિયોલી[૬૦૪] સ્પગેટી[૬૦૫] પ્યારી, અન્ન૦
વેજિટેબલ ફ્રેન્કી[૬૦૬] શ્યામ, અન્ન૦ જમો ગોલ્ડ કોઇન[૬૦૭] ઘનશ્યામ, અન્ન૦૧૧૯

વેજિટેબલ નૂડલ્સ[૬૦૮] પ્યારા, અન્ન૦ ચીલી પનીર[૬૦૯] જમો ને ન્યારા, અન્ન૦
આ ફ્રાઇડ રાઇસ નૂડલ્સ[૬૧૦], અન્ન૦ હરિ જમો ને હક્કા નૂડલ્સ[૬૧૧], અન્ન૦૧૨૦

વેજ લઝાનિયા[૬૧૨] સીઝલર[૬૧૩], અન્ન૦ પીનવ્હીલ[૬૧૪] પોટેટો ફિંગર[૬૧૫], અન્ન૦
હાલાપીનો પોપર્સ[૬૧૬] અમૂલ, અન્ન૦ હેશ બ્રાઉન[૬૧૭] ચીપોટલે બાઉલ[૬૧૮], અન્ન૦૧૨૧

જમો બ્રીંજલ પારમેઝન[૬૧૯], અન્ન૦ એમ્પનાડસ[૬૨૦] જમો જીવન, અન્ન૦

## ચટણી

બહુ ચટણીઓ સુખકારી, અન્ન૦ કરી અનેક પ્રકારની સારી, અન્ન૦૧૨૨

જમો કોથમીરની ચટણી[૬૨૧], અન્ન૦ લીલાં મરચાંની ચટણી[૬૨૨], અન્ન૦
શીંગદાણા–ટોપરાની ચટણી[૬૨૩], અન્ન૦ દાળિયા–મરચાંની ચટણી[૬૨૪], અન્ન૦૧૨૩

ખજૂરની[૬૨૫] ને આંબલીની[૬૨૬], અન્ન૦ સારી ચટણી છે દહીંની[૬૨૭], અન્ન૦
ફુદીનાની[૬૨૮] તથા ટમેટાંની[૬૨૯], અન્ન૦ કોઠાંની[૬૩૦] તથા બટેકાંની[૬૩૧], અન્ન૦૧૨૪

આમચૂરની છે ચટણી[૬૩૨], અન્ન૦ સારી છે સીઝવાન ચટણી[૬૩૩], અન્ન૦
લીલી આંબલીની ચટણી[૬૩૪], અન્ન૦ લાવ્યા ચટણી અમે ઘણી, અન્ન૦૧૨૫

બીનડીપ[૬૩૫] બાબાગનુષ[૬૩૬], અન્ન૦ જમો ગ્વાકામોલી[૬૩૭] ને હમસ[૬૩૮], અન્ન૦
રૂડો ટમેટાંનો સોસ[૬૩૯], અન્ન૦ નહિ નડે તજો અફસોસ, અન્ન૦૧૨૬

## સંભારો

મેં કર્યો સંભારો[૬૪૦] હરિ, અન્ન૦ વિધવિધ કાચું ભેળું કરી, અન્ન૦
મરચાં ટીંડોરાં કાકડીનો, અન્ન૦ કોબી ગાજર ટમેટાદિનો, અન્ન૦૧૨૭

મીઠો બનાવ્યો સંભારો, અન્ન૦ તમે ભાવ સ્વીકારો મારો, અન્ન૦
કોબી–મરચાંનો સંભારો[૬૪૧], અન્ન૦ જમો પપૈયાનો[૬૪૨] સારો, અન્ન૦૧૨૮

કાકડી ગાજર મૂળાનું, અન્ન૦ બીટ કોબી ટમેટાનું, અન્ન૦
કચુંબર[૬૪૩] કર્યું તે સહુનું, અન્ન૦ સલાડ ફણગાવેલ મગનું[૬૪૪] , અન્ન૦૧૨૯

સલાડ સમાર્યું સુપર, અન્ન૦ કોબી[૬૪૫] કાકડી[૬૪૬] ને ગાજર[૬૪૭], અન્ન૦
ભોલર કેપ્સીકમ મરચાં[૬૪૮], અન્ન૦ બીટ[૬૪૯] ટમેટાં[૬૫૦] આંબળાં[૬૫૧], અન્ન૦૧૩૦

કાચી કેરી[૬૫૨] લીલું ટોપરું[૬૫૩], અન્ન૦ લેટસ[૬૫૪] આદિ કુલેવર[૬૫૫] ખરું, અન્ન૦
લીલી હળદર[૬૫૬] આંબામોર[૬૫૭], અન્ન૦ તીખા મૂળા[૬૫૮] જમો ચિત્તચોર, અન્ન૦૧૩૧

જમો મોગરી[૬૫૯] મૂળાપાન[૬૬૦], અન્ન૦ અમે ધરીએ તમારું ધ્યાન, અન્ન૦
જમો મકાઈ ડોડા છેલા, અન્ન૦ શેકેલા[૬૬૧] ને વળી બાફેલા[૬૬૨], અન્ન૦૧૩૨

જારનો[૬૬૩] ને ઘઉંનો પોંક[૬૬૪], અન્ન૦ જમો બાજરાનો[૬૬૫] પણ પોંક, અન્ન૦

## અથાણાં

વાલા ધર્યાં અથાણાં અનેક, અન્ન૦ તમે જમજો એકેએક, અન્ન૦૧૩૩

અથાણાં રાઈતાં કેરીનાં[૬૬૬], અન્ન૦ ખાટી કેરી[૬૬૭] ગોળ–કેરીનાં[૬૬૮], અન્ન૦
કેરડા[૬૬૯] ગાજર[૬૭૦] ગૂંદાંનાં[૬૭૧], અન્ન૦ ખારેક[૬૭૨] આખા મરચાંનાં[૬૭૩], અન્ન૦૧૩૪

ડારા ગરમર[૬૭૪] કરમદાનાં[૬૭૫], અન્ન૦ પંજાબી[૬૭૬] ને મેથી–ચણાનાં[૬૭૭], અન્ન૦
કાજુ–ખારેક[૬૭૮] કેરી–ખજૂરનાં[૬૭૯], અન્ન૦ બિલા[૬૮૦] ટીંડોરાં[૬૮૧] બિજોરાંનાં[૬૮૨], અન્ન૦૧૩૫

લીંબુનાં[૬૮૩] ને ચીભડાંનાં[૬૮૪], અન્ન૦ વાંસનાં[૬૮૫] ને આંબળાંનાં[૬૮૬], અન્ન૦
જમો કેરીનો મુરબ્બો[૬૮૭], અન્ન૦ વળી આંબળાંનો મુરબ્બો[૬૮૮], અન્ન૦૧૩૬

છુંદો કેરીનો[૬૮૯] રાઈતાં મરચાં[૬૯૦], અન્ન૦ જમો વડતાલનાં આ મરચાં[૬૯૧], અન્ન૦
તળી ગુવારની કાચરી[૬૯૨], અન્ન૦ ભીંડાની કાચરી[૬૯૩] છે કરી, અન્ન૦૧૩૭

કાચરી મરચાંની[૬૯૪] તૂરિયાંની[૬૯૫], અન્ન૦ જમો કાચરી કોઠીંબાની[૬૯૬], અન્ન૦
સ્વાદિષ્ટ રાઈતાં નવીનાં અન્ન૦ જમો વિધવિધ શાકભાજીનાં, અન્ન૦૧૩૮

રૂડું રાઈતું ધર્યું કાકડીનું[૬૯૭], અન્ન૦ ગાજરનું[૬૯૮] ને મોગરીનું[૬૯૯], અન્ન૦
ખાસ રાઈતું વેજિટેબલ[૭૦૦], અન્ન૦ કેળાંદિનાં રાઈતાં[૭૦૧] અવલ, અન્ન૦૧૩૯

## રાબ

રૂડી રાબ જમો બાજરાની[૭૦૨], અન્ન૦ વળી કરી છે રાજગરાની[૭૦૩], અન્ન૦
રાબ જુવારની[૭૦૪] ઘઉંની[૭૦૫], અન્ન૦ નાખી તેજાના કરી ઊની, અન્ન૦૧૪૦

## ભાત

કર્યા ભાતભાતના ભાત, અન્ન૦ તમે જમો ને મારા તાત, અન્ન૦
સાદા ભાત[૭૦૬] વઘારેલ ભાત[૭૦૭], અન્ન૦ કરમલડો[૭૦૮] જે દહીં–ભાત, અન્ન૦૧૪૧

સેલણ[૭૦૯] જે ઘી ગોળ ભાત, અન્ન૦ જમો ઘી–ખાંડ સાથે ભાત[૭૧૦], અન્ન૦
જીરા રાઈસ[૭૧૧] ટોમેટો રાઈસ[૭૧૨], અન્ન૦ જમો કોકોનટ રાઈસ[૭૧૩], અન્ન૦૧૪૨

છે રાઈસ રૂડા સીઝવાન[૭૧૪], અન્ન૦ તમે ભાવે જમો ભગવાન, અન્ન૦
લેમન રાઈસ[૭૧૫] ચિત્રાના રાઈસ[૭૧૬], અન્ન૦ ફ્રાઈડ રાઈસ[૭૧૭] કુદીના રાઈસ[૭૧૮], અન્ન૦૧૪૩

રાઈસ મેક્સિકન[૭૧૯] સુખદાની, અન્ન૦ જમો વેજિટેબલ બિરયાની[૭૨૦], અન્ન૦
જમો વેજિટેબલ પુલાવ[૭૨૧], અન્ન૦ શાહી પુલાવ[૭૨૨] ગ્રીન પુલાવ[૭૨૩], અન્ન૦૧૪૪

મીઠો કાશ્મીરી પુલાવ[૭૨૪], અન્ન૦ જમો તીખો તવા પુલાવ[૭૨૫], અન્ન૦
થૂલી[૭૨૬] ઉપમા[૭૨૭] ને પોંગલ[૭૨૮], અન્ન૦ જો જો ભાવ અમારો અવલ, અન્ન૦૧૪૫

તુવેરદાળની છે ખીચડી[૭૨૯], અન્ન૦ મગ-ચોખાની આ ખીચડી[૭૩૦], અન્ન૦
ઓટ ખીચડી[૭૩૧] ક્વિનવા ખીચડી[૭૩૨], અન્ન૦ મેં તો બનાવી કચ્છી ખીચડી[૭૩૩], અન્ન૦૧૪૬

જમો વેજિટેબલ ખીચડી[૭૩૪], અન્ન૦ બહુ ભાતના ફ્રૂટની ખીચડી[૭૩૫], અન્ન૦

## દાળ

તુવેરદાળ[૭૩૬] મગની દાળ[૭૩૭], અન્ન૦ તડકાદાળ[૭૩૮] મસુરદાળ[૭૩૯], અન્ન૦૧૪૭

દાળ ત્રેવડી[૭૪૦] અડદની દાળ[૭૪૧], અન્ન૦ તમે જમો પાલખની દાળ[૭૪૨], અન્ન૦
કાઠિયાવાડી[૭૪૩] સુરતી[૭૪૪] કઢી, અન્ન૦ ગોળની[૭૪૫] કોકમની[૭૪૬] કઢી, અન્ન૦૧૪૮

કઢી છે આખા મરચાંની[૭૪૭], અન્ન૦ રોગનાશક સરગવાની[૭૪૮], અન્ન૦
કઢી રીંગણાંની[૭૪૯] ભીંડાની[૭૫૦], અન્ન૦ ધીમાં વઘારી તાજી મઝાની, અન્ન૦૧૪૯

રૂડા દહીંની છે તીખારી[૭૫૧], અન્ન૦ બહુ સારા મસાલે વઘારી, અન્ન૦
દાલફ્રાય[૭૫૨] રસમ[૭૫૩] સાંભાર[૭૫૪], અન્ન૦ તમે જમજો મારા યાર, અન્ન૦૧૫૦

## સૂપ

રૂડું ટમેટાનું છે સૂપ[૭૫૫], અન્ન૦ દૂધીનું[૭૫૬] પાલખનું સૂપ[૭૫૭], અન્ન૦
જમો વેજિટેબલ સૂપ[૭૫૮], અન્ન૦ ગાજરનું સૂપ[૭૫૯] અનુપ, અન્ન૦૧૫૧

મીનીસ્ટ્રોન સૂપ[૭૬૦] છે સારું, અન્ન૦ કોર્નસૂપ[૭૬૧] છે બહુ પ્યારું, અન્ન૦

વેજિટેબલ મન્ચાવ સૂપ[૭૬૨], અન્ન૦ ચીલી સૂપ[૭૬૩] મેક્રોની સૂપ[૭૬૪], અન્ન૦૧૫૨

ટોર્ટીલા[૭૬૫] ને બ્રોકોલી સૂપ[૭૬૬], અન્ન૦ પીઓ હોટ એન્ડ સોર સૂપ[૭૬૭], અન્ન૦
રૂડું સરગવાનું સૂપ[૭૬૮], અન્ન૦ શાકભાજીનાં અનેક સૂપ, અન્ન૦૧૫૩

## પાપડ

જમો પાપડ મારા પ્યારા, અન્ન૦ આગે ધર્યા ન્યારા ન્યારા, અન્ન૦
પાપડ મકાઈના[૭૬૯] ચોખાના[૭૭૦], અન્ન૦ પાપડ ઘઉંના[૭૭૧] અડદના[૭૭૨], અન્ન૦૧૫૪

જમો રૂડા પાપડ શેકેલા, અન્નo મસાલા પાપડ[૭૭૩] તળેલા, અન્નo
જમો જુવારના પાપડ[૭૭૪], અન્નo થશે જમતા બહુ કડકડ, અન્નo૧૫૫

પ્યારી પાપડી[૭૭૫] ને ફરફર[૭૭૬], અન્નo ભાવે કકડાવો હરિવર, અન્નo

## બેકરીની આઇટમ

જમો બેકરીની વાનગી, અન્નo છે અનેકવિધ મનગમી, અન્નo૧૫૬

જમો બિસ્કિટ છે કાજુના[૭૭૭], અન્નo વળી કેસરના[૭૭૮] કોકોના[૭૭૯], અન્નo
બિસ્કિટ છે કોપરાના[૭૮૦], અન્નo જમો પ્યારા આ અખરોટના[૭૮૧], અન્નo૧૫૭

પ્યારા પીનટના[૭૮૨] બટરના[૭૮૩], અન્નo બોરબોન[૭૮૪] તથા બદામના[૭૮૫], અન્નo
ક્રીમ બિસ્કિટ[૭૮૬] જીરા બિસ્કિટ[૭૮૭], અન્નo વાલા જમો વેફર બિસ્કિટ[૭૮૮], અન્નo૧૫૮

જમો છે ડ્રાયફ્રૂટ કુકિઝ[૭૮૯], અન્નo કેસર–બદામ–પિસ્તા કુકિઝ[૭૯૦], અન્નo
જમો ચોકો ઓટ્સ કુકિઝ[૭૯૧], અન્નo વળી કાજુ–હની કુકિઝ[૭૯૨], અન્નo૧૫૯

જમો કોકોનટ કુકિઝ[૭૯૩], અન્નo રૂડી હની ઓટ્સ કુકિઝ[૭૯૪], અન્નo
શીંગ–રાજગરા કુકિઝ[૭૯૫], અન્નo વાલા ચોકલેટ ચીપ કુકિઝ[૭૯૬], અન્નo૧૬૦

ચોકોલેટ કુકિઝ[૭૯૭] છે સાર, અન્નo વાલા જમો ગ્રનોલા બાર[૭૯૮], અન્નo
જમો સુરતી નાનખટાઈ[૭૯૯], અન્નo વળી બદામ નાનખટાઈ[૮૦૦], અન્નo૧૬૧

વેનીલા નાનખટાઈ[૮૦૧], અન્નo ઑરેંજ નાનખટાઈ[૮૦૨], અન્નo
પાઈનેપલ નાનખટાઈ[૮૦૩], અન્નo છે ચોકલેટ નાનખટાઈ[૮૦૪], અન્નo૧૬૨

પિસ્તાની નાનખટાઈ[૮૦૫], અન્નo એવી અનેક જમો મુજ રાય, અન્નo
કાજુપૂરી[૮૦૬] ને બદામપૂરી[૮૦૭], અન્નo જમો કાજુ–પિસ્તાપૂરી[૮૦૮], અન્નo૧૬૩

મેંગો કેક[૮૦૯] ચોકલેટ કેક[૮૧૦], અન્નo જમો પાઈનેપલની કેક[૮૧૧], અન્નo
કેરટ કેક[૮૧૨] સ્ટ્રોબેરી કેક[૮૧૩], અન્નo વળી બ્લેક ફોરેસ્ટ કેક[૮૧૪], અન્નo૧૬૪

મીલ્ક કેક[૮૧૫] બિસ્કિટ કેક[૮૧૬],અન્નo કપ કેક[૮૧૭] ને પેસ્ટ્રી કેક[૮૧૮], અન્નo
ચીઝ કેક[૮૧૯] જામફળ કેક[૮૨૦], અન્નo પેન કેક[૮૨૧] ને પાઉન્ડ કેક[૮૨૨], અન્નo૧૬૫

ફનલ કેક[૮૨૩] આઇસક્રીમ કેક[૮૨૪], અન્નo જમો રેડ વેલ્વેટ કેક[૮૨૫], અન્નo
જમો સ્ટ્રોબેરી શોર્ટ કેક[૮૨૬], અન્નo આવી કેક જમો ને અનેક, અન્નo૧૬૬

એપલ પાઈ[૮૨૭] પમ્પકીન પાઈ[૮૨૮], અન્નo તમે હેતે જમો મારા રાય, અન્નo
ઘઉં ટોસ્ટ[૮૨૯] ને જીરા ટોસ્ટ[૮૩૦], અન્નo ફ્રૂટ ટોસ્ટ[૮૩૧] ને મિલ્ક ટોસ્ટ[૮૩૨], અન્નo૧૬૭

કેક રસ્ક[૮૩૩] માવા ટોસ્ટ[૮૩૪], અન્ન૦ ફ્રેંચ ટોસ્ટ[૮૩૫] ટૂટીફ્રૂટી ટોસ્ટ[૮૩૬], અન્ન૦
જમો છે આવકાડો ટોસ્ટ[૮૩૭], અન્ન૦ સારા ચીલી ચીઝ ટોસ્ટ[૮૩૮], અન્ન૦૧૬૮

જીરા ખારી[૮૩૯] બટર ખારી[૮૪૦], અન્ન૦ મેથી ખારી[૮૪૧] મસાલા ખારી[૮૪૨], અન્ન૦
ચીઝ ખારી[૮૪૩] છે બહુ ન્યારી, અન્ન૦ પ્રભુ લાગશે તમને પ્યારી, અન્ન૦૧૬૯

પાઈનેપલના ક્રિમરોલ[૮૪૪], અન્ન૦ વેનીલા[૮૪૫] સ્ટ્રોબેરી રોલ[૮૪૬], અન્ન૦
જમો ચોકલેટ ક્રિમરોલ[૮૪૭], અન્ન૦ છે બટરસ્કોચ ક્રિમરોલ[૮૪૮], અન્ન૦૧૭૦

ચૂરોઝ[૮૪૯] ઑરેંજ ક્રિમરોલ[૮૫૦], અન્ન૦ સિનેમન[૮૫૧] ને ક્રોસન્ટ રોલ[૮૫૨], અન્ન૦
જમો મસાલા બન[૮૫૩] મફીન[૮૫૪], અન્ન૦ ડોનટ[૮૫૫] બેગલ[૮૫૬] મંચકીન[૮૫૭], અન્ન૦૧૭૧

પીનટ બટર જેલી સેન્ડવીચ[૮૫૮], અન્ન૦ વચ્ચે જેલી ભરી છે ગીચ, અન્ન૦
જમો એપલ ક્રિસ્પ[૮૫૯] વફલ[૮૬૦], અન્ન૦ જમો મસ્કાબન[૮૬૧] નવલ, અન્ન૦૧૭૨

તિરામીસુ[૮૬૨] ને ડ્રીમબાર[૮૬૩], અન્ન૦ બકલાવા[૮૬૪] જમો કરી પ્યાર, અન્ન૦
કેરેમલ ફજ[૮૬૫] ને બ્રાઉની[૮૬૬], અન્ન૦ ભાવના છે ભક્ત સહુની, અન્ન૦૧૭૩

બ્રુશેટા[૮૬૭] વેનીલા પુડીંગ[૮૬૮], અન્ન૦ કુલ વીપ[૮૬૯] ચોકલેટ પુડીંગ[૮૭૦], અન્ન૦
હરિ જમો ટૂટીફ્રૂટી બ્રેડ[૮૭૧], અન્ન૦ સારી બની બનાના બ્રેડ[૮૭૨], અન્ન૦૧૭૪

ચોકલેટ ફોન્ડુ[૮૭૩] છે ન્યારા, અન્ન૦ જમો વિધવિધ આઈટમ પ્યારા, અન્ન૦
ચોકલેટ[૮૭૪] છે બહુ પ્રકાર, અન્ન૦ અતિ હેતે કરો આહાર, અન્ન૦૧૭૫

## જામ

તમે વિધવિધ જમો જામ, અન્ન૦ મારા ઈષ્ટદેવ ઘનશ્યામ, અન્ન૦
મેંગો જામ[૮૭૫] ને એપલ જામ[૮૭૬], અન્ન૦ જમો મિક્સ ફ્રૂટનો જામ[૮૭૭], અન્ન૦૧૭૬

પીચ જામ[૮૭૮] ને ગ્વાવા જામ[૮૭૯], અન્ન૦ આરોગો ઑરેન્જ જામ[૮૮૦], અન્ન૦
જમો પાઈનેપલનો જામ[૮૮૧], અન્ન૦ સ્નેહે જમો સ્ટ્રોબેરી જામ[૮૮૨], અન્ન૦૧૭૭

અમે બનાવી લાવ્યા ખાસ, અન્ન૦ આરોગ્યદ ચ્યવનપ્રાસ[૮૮૩], અન્ન૦

## ફ્રૂટ

રૂડાં ફ્રૂટ તાજાં રસાળ, અન્ન૦ તમે જમો ને મારા દયાળ, અન્ન૦૧૭૮

ચીકુ[૮૮૪] કેરી[૮૮૫] લીલી દ્રાક્ષ[૮૮૬], અન્ન૦ કેળાં[૮૮૭] સોનેરી કાળી દ્રાક્ષ[૮૮૮], અન્ન૦
ગલેલી[૮૮૯] ને ગોરસઆંબલી[૮૯૦] , અન્ન૦ તૂરી ગળી ને વળી ભલી, અન્ન૦૧૭૯

જામફળ[૮૯૧] દાડમ[૮૯૨] ને ચેરી[૮૯૩], અન્ન૦ પેર[૮૯૪] પપૈયાં[૮૯૫] સ્ટ્રોબેરી[૮૯૬], અન્ન૦
સાકરટેટી[૮૯૭] ને નારંગી[૮૯૮], અન્ન૦ નાસપતી[૮૯૯] ને મોસંબી[૯૦૦], અન્ન૦૧૮૦

તરબૂચ[૯૦૧] ને સીતાફળ[૯૦૨], અન્ન૦ કીવી[૯૦૩] સંતરાં[૯૦૪] ને રામફળ[૯૦૫], અન્ન૦
ચણીબોર[૯૦૬] એપલબોર[૯૦૭], અન્ન૦ કાશીબોર[૯૦૮] ગોલાબોર[૯૦૯], અન્ન૦૧૮૧

લીલા નાળિયેર[૯૧૦] લાલ ખારેક[૯૧૧], અન્ન૦ ખલેલાં[૯૧૨] ને પીળી ખારેક[૯૧૩], અન્ન૦
જમો શેરડી[૯૧૪] સફરજન[૯૧૫], અન્ન૦ ગળી આંબલી[૯૧૬] પર્શીમન[૯૧૭], અન્ન૦૧૮૨

કોઠાં[૯૧૮] લીચી[૯૧૯] અન્નાનસ[૯૨૦], અન્ન૦ જાંબુ[૯૨૧] શિંગોડાં[૯૨૨] ફણસ[૯૨૩], અન્ન૦
બીજોરાં[૯૨૪] લીલી બદામ[૯૨૫], અન્ન૦ ડ્રેગન[૯૨૬] ફ્રૂટ જમો શ્યામ, અન્ન૦૧૮૩

પીચ[૯૨૭] રાયણ[૯૨૮] રૂડા આલુ[૯૨૯], અન્ન૦ ગૂંદાં[૯૩૦] કટગૂંદી[૯૩૧] જરદાલુ[૯૩૨], અન્ન૦
લીલા અંજીર[૯૩૩] કોઠીંબાં[૯૩૪] શેતૂર[૯૩૫], અન્ન૦ જમો ચીભડાં[૯૩૬] આરિયાં[૯૩૭] મધુર, અન્ન૦૧૮૪

જમો કમરખ[૯૩૮] ખટુમડા[૯૩૯], અન્ન૦ ટીંબરું[૯૪૦] કરમદાં[૯૪૧] અવાકડાં[૯૪૨], અન્ન૦
ચકોતરાં[૯૪૩] ઓલિવ[૯૪૪] પ્યારાં, અન્ન૦ ફ્રૂટ ફાલસા[૯૪૫] છે બહુ સારાં, અન્ન૦૧૮૫

ક્રેનબેરી[૯૪૬] ને બ્લૂબેરી[૯૪૭], અન્ન૦ બ્લેકબેરી[૯૪૮] ને રાસબેરી[૯૪૯], અન્ન૦
છાશ[૯૫૦] દહીં[૯૫૧] કઢિયેલ દૂધ[૯૫૨], અન્ન૦ ઓર્ગેનિક છે બહુ શુદ્ધ, અન્ન૦૧૮૬

હવે ચળું કરો અવતારી, અન્ન૦ હું લાવી છું જળઝારી, અન્ન૦
હેતે કર ધોવરાવું નાથ, અન્ન૦ મુખ લૂછું ને લૂછું હાથ, અન્ન૦૧૮૭

સળી સોનાની લઈ હાથ, અન્ન૦ દંત શુદ્ધિ કરોને નાથ, અન્ન૦
આવો સોફે બિરાજો સ્વામી, અન્ન૦ તમે અનંત ધામના ધામી, અન્ન૦૧૮૮

## જ્યૂસ

રૂડાં અનેક પ્રકારનાં જ્યૂસ, અન્ન૦ પિયુ પીજો થઈને ખુશ, અન્ન૦
જ્યૂસ ઑરેંજ[૯૫૩] તરબૂચ જ્યૂસ[૯૫૪], અન્ન૦ પીવો પાઈનેપલનું જ્યૂસ[૯૫૫], અન્ન૦૧૮૯

એપલ જ્યૂસ[૯૫૬] દાડમ જ્યૂસ[૯૫૭], અન્ન૦ પીવો ગંગા-જમુના જ્યૂસ[૯૫૮], અન્ન૦
લીચીનું[૯૫૯] દ્રાક્ષનું જ્યૂસ[૯૬૦], અન્ન૦ ખાટું મીઠું મોસંબી જ્યૂસ[૯૬૧], અન્ન૦૧૯૦

લેમોનેડ[૯૬૨] ને જાંબુ જ્યૂસ[૯૬૩], અન્ન૦ વાલા પીઓ ને થાઓ ખુશ, અન્ન૦

## શેક

સ્મૂધી[૯૬૪] હોટ ચોકલેટ[૯૬૫] સારી, અન્ન૦ તમે પીઓને હે અવતારી, અન્ન૦૧૯૧

વાલા વિવિધ પીઓ શેક, અન્ન૦ પિનાકોલાડા[૯૬૬] મેંગો શેક[૯૬૭], અન્ન૦
ચીકુ શેક[૯૬૮] ચોકલેટ શેક[૯૬૯], અન્ન૦ ફાલુદા[૯૭૦] કાજુ-અંજીર શેક[૯૭૧], અન્ન૦૧૯૨

પાઈનેપલ[૯૭૨] બદામ શેક[૯૭૩], અન્ન૦ એપલ શેક[૯૭૪] બનાના શેક[૯૭૫], અન્ન૦
પીઓ કેસર-એલચી શેક[૯૭૬], અન્ન૦ સારજા શેક[૯૭૭] ગુલકંદ શેક[૯૭૮], અન્ન૦૧૯૩

મીઠી લસ્સી[૯૭૯] ખારી લસ્સી[૯૮૦], અન્ન૦ પીઓ પાઈનેપલની લસ્સી[૯૮૧], અન્ન૦
મેંગો લસ્સી[૯૮૨] લસ્સી સ્ટ્રોબેરી[૯૮૩], અન્ન૦ કોલ્ડ કોકો[૯૮૪] પીઓ લહેરી, અન્ન૦૧૯૪

## પ્રવાહી

કાચી કેરીનો બાફલો[૯૮૫], અન્ન૦ પીવા જેવો છે અતિ ભલો, અન્ન૦
પીઓ સીકંજી[૯૮૬] ગોળનું પાણી[૯૮૭], અન્ન૦ વળી તાજું તરોપાનું પાણી[૯૮૮], અન્ન૦૧૯૫

પીઓ સાકરનું ઠંડું પાણી[૯૮૯], અન્ન૦ કર્યું અતિશે પ્રેમ આણી, અન્ન૦
લીંબુ શરબત[૯૯૦] કોકમ શરબત[૯૯૧], અન્ન૦ ટાઢું વરિયાળીનું શરબત[૯૯૨], અન્ન૦૧૯૬

પીઓ જલઝીરા શરબત[૯૯૩], અન્ન૦ શેરડી[૯૯૪] રસ બીલાં શરબત[૯૯૫], અન્ન૦
તકમરિયાં શરબત[૯૯૬] નાથ, અન્ન૦ હેતે પીજો કહું જોડી હાથ, અન્ન૦૧૯૭

## આઈસક્રીમ–કોન–કેન્ડી

લાવ્યા આઈસક્રીમ અનેક પ્રકાર, અન્ન૦ તમે જમો ને ભક્તિકુમાર, અન્ન૦
કેસર–ઈલાયચી આઈસક્રીમ[૯૯૭], અન્ન૦ બટરસ્કોચ[૯૯૮] વેનીલા આઈસક્રીમ[૯૯૯], અન્ન૦૧૯૮

કેસર–પિસ્તાનો આઈસક્રીમ[૧૦૦૦], અન્ન૦ કાજુ–દ્રાક્ષનો આઈસક્રીમ[૧૦૦૧], અન્ન૦
કાજુ–અંજીરનો આઈસક્રીમ[૧૦૦૨], અન્ન૦ કાજુ કસાટાનો આઈસક્રીમ[૧૦૦૩], અન્ન૦૧૯૯

જમો રાજભોગ આઈસક્રીમ[૧૦૦૪], અન્ન૦ રૂડો ચોકો ચીપ્સ આઈસક્રીમ[૧૦૦૫], અન્ન૦
જમો ફ્રૂટ એન્ડ નટ આઈસક્રીમ[૧૦૦૬], અન્ન૦ છે બ્લેક કરંટ આઈસક્રીમ[૧૦૦૭], અન્ન૦૨૦૦

સન્ડે ખટા–મીઠા મેંગો[૧૦૦૮], અન્ન૦ ટૂટીફ્રૂટી[૧૦૦૯] ને આઈસક્રીમ મેંગો[૧૦૧૦], અન્ન૦
તવા[૧૦૧૧] વરિયાળી આઈસક્રીમ[૧૦૧૨], અન્ન૦ ગ્રીન કોકોનટ આઈસક્રીમ[૧૦૧૩], અન્ન૦૨૦૧

પાનમસાલા આઈસક્રીમ[૧૦૧૪], અન્ન૦ માવા મલાઈ આઈસક્રીમ[૧૦૧૫], અન્ન૦
વળી જાંબુ આઈસક્રીમ[૧૦૧૬] સારો, અન્ન૦ સ્ટ્રોબેરી આઈસક્રીમ[૧૦૧૭] ન્યારો, અન્ન૦૨૦૨

સીતાફળ આઈસક્રીમ[૧૦૧૮] અનુપ, અન્ન૦ ભાવે જમો હરિ રસરૂપ, અન્ન૦
અફઘાન મેવો આઈસક્રીમ[૧૦૧૯], અન્ન૦ પાઈનેપલનો આઈસક્રીમ[૧૦૨૦], અન્ન૦૨૦૩

યોગર્ટ પરફે[૧૦૨૧] બહુ સારા, અન્ન૦ એ આદિક આઈસક્રીમ ન્યારા, અન્ન૦
તમે કોન જમો અળવીલા, અન્ન૦ ચોકો ક્રંચ[૧૦૨૨] ચોકો વેનીલા[૧૦૨૩], અન્ન૦૨૦૪

બદામ–પિસ્તા[૧૦૨૪] ટુ ઈન વન[૧૦૨૫], અન્ન૦ અતિ હેતે જમો ને જીવન, અન્ન૦
જમો કનોલી કોન[૧૦૨૬] પ્યારા, અન્ન૦ જમો ન્યુટેલા પોપ[૧૦૨૭] ન્યારા, અન્ન૦૨૦૫

કેન્ડી[૧૦૨૮] જમો ને મારા પ્યાર, અન્ન૦ મેંગો ડોલી[૧૦૨૯] ને ચોકોબાર[૧૦૩૦], અન્ન૦
રાસબેરી[૧૦૩૧] ડોલી ફ્રોસ્ટીક[૧૦૩૨], અન્ન૦ નહિ નડે તજોને બીક, અન્ન૦૨૦૬

ચોકો ટ્રફલ[૧૦૩૩] માવા મલાઈ[૧૦૩૪], અન્ન૦ માટલા કુલ્ફી[૧૦૩૫] પિસ્તા મલાઈ[૧૦૩૬], અન્ન૦
જમો ઠંડી ફાલુદા કુલ્ફી[૧૦૩૭], અન્ન૦ આઇસક્રીમ ગોલા[૧૦૩૮] રાજભોગ કુલ્ફી[૧૦૩૯], અન્ન૦૨૦૭

આઇસ ગોલા[૧૦૪૦] ડ્રાયફ્રૂટ ગોલા[૧૦૪૧], અન્ન૦ પેપ્સી[૧૦૪૨] માવા મલાઈ ગોલા[૧૦૪૩], અન્ન૦

## સૂકોમેવો

સૂકોમેવો જમો મારા માવ, અન્ન૦ સંતો–ભક્તોનો છે ભાવ, અન્ન૦૨૦૮

કાજુ રોસ્ટેડ[૧૦૪૪] કાજુ[૧૦૪૫] બદામ[૧૦૪૬], અન્ન૦ ખારા પિસ્તા[૧૦૪૭] રોસ્ટેડ બદામ[૧૦૪૮], અન્ન૦
મોળા પિસ્તા[૧૦૪૯] અંજીર[૧૦૫૦] આલુ[૧૦૫૧], અન્ન૦ જમો ખારેક[૧૦૫૨] ખજૂર[૧૦૫૩] દયાળુ, અન્ન૦૨૦૯

જમો ટોપરા[૧૦૫૪] કાળી દ્રાક્ષ[૧૦૫૫], અન્ન૦ અખરોટ[૧૦૫૬] ને નીલવા દ્રાક્ષ[૧૦૫૭], અન્ન૦

## કોરડ

સાકર[૧૦૫૮] પતાસા[૧૦૫૯] ને શીંગ[૧૦૬૦] અન્ન૦ સાકરિયા[૧૦૬૧] ને ખારીશીંગ[૧૦૬૨], અન્ન૦૨૧૦

જમો રેવડી[૧૦૬૩] ખારા વટાણા[૧૦૬૪], અન્ન૦ ખારા ચણા[૧૦૬૫] ને મોળા વટાણા[૧૦૬૬], અન્ન૦
મોળા ચણા[૧૦૬૭] મસાલા શીંગ[૧૦૬૮], અન્ન૦ બાફેલી[૧૦૬૯] ને ઓળા શીંગ[૧૦૭૦], અન્ન૦૨૧૧

કાજુકળિયા[૧૦૭૧] હારડા[૧૦૭૨] સારા, અન્ન૦ એવું વિધવિધ જમો ને પ્યારા, અન્ન૦

## સોડા

સાદી સોડા[૧૦૭૩] મસાલા સોડા[૧૦૭૪], અન્ન૦ લીંબુ સોડા[૧૦૭૫] મોકટેલ સોડા[૧૦૭૬], અન્ન૦૨૧૨

જીરા સોડા[૧૦૭૭] ઓરેંજ સોડા[૧૦૭૮], અન્ન૦ લીચી લેમન[૧૦૭૯] ફુદીના સોડા[૧૦૮૦], અન્ન૦
જીંજર સોડા[૧૦૮૧] મોસંબી સોડા[૧૦૮૨], અન્ન૦ પીઓ ઘાટા–મેંગો સોડા[૧૦૮૩], અન્ન૦૨૧૩

ઘાટા–પાઈનેપલ સોડા[૧૦૮૪], અન્ન૦ પીઓ એ આદિ બહુ સોડા, અન્ન૦

## મુખવાસ

જમો મુખવાસ અનેક દયાળ, અન્ન૦ સોપારી[૧૦૮૫] તથા ધાણાદાળ[૧૦૮૬], અન્ન૦૨૧૪

ગુલકંદ કાથો ચૂનો સારા, અન્ન૦ સહી ટૂટીફ્રૂટી પાન[૧૦૮૭] પ્યારા, અન્ન૦
લીલી[૧૦૮૮] સૂકી[૧૦૮૯] છે વરિયાળી, અન્ન૦ આ બદામ મસાલાવાળી[૧૦૯૦], અન્ન૦૨૧૫

લવિંગ[૧૦૯૧] ખારેક[૧૦૯૨] એલચી દાણા[૧૦૯૩], અન્ન૦ મગજતરી[૧૦૯૪] ને સુવાદાણા[૧૦૯૫], અન્ન૦
કેરી ગોટલી છે બહુ સારી, અન્ન૦ જમો શેકેલી[૧૦૯૬] તળેલી[૧૦૯૭] પ્યારી, અન્ન૦૨૧૬

ઇજમેટ ફૂલ[૧૦૯૮] ગળ્યાં આંબળાં[૧૦૯૯], અન્ન૦ અળસી[૧૧૦૦] ને ખારાં આંબળાં[૧૧૦૧], અન્ન૦
કમળકાકડી[૧૧૦૨] છે તલ[૧૧૦૩] વાલા, અન્ન૦ જમો કાજુ મસાલાવાળા[૧૧૦૪], અન્ન૦૨૧૭

જીરાગોળી[૧૧૦૫] દ્રાક્ષાદિવટી[૧૧૦૬], અન્ન૦ ડ્રાય ક્રેનબેરી[૧૧૦૭] અદરકવટી[૧૧૦૮], અન્ન૦

જમો હાજમાગોળી[૧૧૦૯] મુજ હાથ, અન્ન૦ વળી મસાલા ગોટલી[૧૧૧૦] નાથ, અન્ન૦૨૧૮
જમો અજમો[૧૧૧૧] પાચનકારી, અન્ન૦ જમ્યા મુખવાસ અનેક પ્રકારી, અન્ન૦

સંતો–ભક્તો કરે દર્શન, સંતપ્રિય શ્રીહરિજી
આવ્યા પૂજા કરવા જન, સંતપ્રિય શ્રીહરિજી

બહુ ભાવે પૂજ્યા મહારાજ, સંત૦ પછી પૂજ્યો સંતસમાજ, સંત૦
સહુએ પ્રાર્થના કરી હે નાથ, સંત૦ પીરસો સંતોને તમારે હાથ, સંત૦૨૨૦

તમે સર્વોપરી ભગવંત, સંત૦ તમને અતિ વ્હાલા છે સંત, સંત૦
તેને આગ્રહ કરીને જમાડો, સંત૦ અતિ આનંદ સહુને પમાડો, સંત૦૨૨૧

રાજી કરીને સંતસમાજ, સંત૦ હવે આરામ કરો મહારાજ, સંત૦
રૂડો ઢોલિયો ઢાળ્યો સુરીતે, સંત૦ તેને મુજ દિલ જાણી પ્રીતે, સંત૦૨૨૨

એમાં પોઢોને મારા માવ, સંત૦ પ્રેમે ચાંપું તમારા પાવ, સંત૦
બ્રહ્મચારી ઢોળે પવન, સંત૦ પ્રેમે પોઢ્યા પ્રાણજીવન, સંત૦૨૨૩

ગાયો અન્નકૂટ 'જ્ઞાનજીવન', સંત૦ કોઈ ગાશે સુણશે જન, સંત૦
તેની ઉપર સંતસમાજ, સંત૦ બહુ રાજી થશે મહારાજ, સંત૦૨૨૪

તેને હરિમાં વધશે પ્રીત, સંત૦ વળી જગમાં થાશે જીત, સંત૦
તેની સર્વે વાસના ટળશે, સંત૦ વાસ અક્ષરધામમાં મળશે, સંત૦૨૨૫

ઈતિ સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ચરણકમળ સેવક
સ્વામી જ્ઞાનજીવનદાસ વિરચિત અન્નકૂટ થાળ સમાપ્ત: